------------------------------------------------------------------------------------------------------

**<u>મે. અમદાવાદ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, મુ. અમદાવાદ.</u>**

**ક્રિમીનલ કેસ નંબર :– ૩૪૨૯૧/૨૦૧૯.**

**<u>ફરીયાદી</u> : તુષાર ભગવતીભાઈ શાહ**

**<u>વિ રૂ ઘ્ધ</u>**

**<u>આરોપીઓ</u> : અમી ફાર્મા ભાગીદારી પેઢી વિ.**

**<u>ગુનો:– પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ–૧૯૮૬ ની કલમ ૧૫ તથા ૧૯ મુજબ.</u>**

**<u>ઠ રા વ.</u>**

(૧). ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ એક સ્વાયત બોર્ડ છે કે જેની મુખ્ય કચેરી ગાંધીનગર ખાતે આવેલી છે.જેને હવે પછી અત્રે બોર્ડ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે. કેન્દ્ર સરકારના નોટીફીકેશન નં.એસ.ઓ., ૩૯૪(ઈ) તારીખ ૧૬/૪/૮૭ મુજબ પ્રાદેશિક અધિકારીને ફરીયાદ કરવાની સત્તા આપવામાં આવેલી છે. આરોપી નં.૧ અમી ફાર્મા એ ભાગીદારી પેઢી છે અને આરોપી નં.૨ થી ૬ નાઓ આરોપી નં.૧ પેઢીના ભાગીદારો હોય રોજબરોજની કાર્યવાહી માટે જવાબદાર વ્યકિતઓ છે. આરોપીઓ પૈકી આરોપી નં.૪ નાઓ સદર કેસની ચાલુ કાર્યવાહી દરમ્યાન અવસાન પામેલા હોય અને તેઓનો મરણ દાખલો રેકર્ડ ઉપર આંક–૦૭ થી રજુ થયેલ હોય તેઓની સામેનો કેસ એબેટ કરવામાં આવેલ છે. ભારત સરકારે એન્વાયરમેન્ટ ઈમ્પેકટ એસેસમેન્ટ–૨૦૦૬ અધિનિયમ હેઠળ તા.૧૪/૦૯/૦૬ માં એસ.ઓ.નં.૧૫૩૩ થી આદેશ બહાર પાડી પર્યાવરણ મંજુરી મેળવ્યા વગર કોઈપણ વ્યકિત પોતાના ઉધોગનો પાયો નાંખી શકતા નથી કે ઉત્પાદન શરૂ કરી શકતા નથી. હાલના આરોપીઓની ફેકટરીની તા.૦૮/૦૩/૨૦૧૮ ના રોજ મુલાકાત લેતાં જાણવા મળેલ કે મુલાકાત વખતે ઉધોગ ચાલુ હતો અને બોર્ડની મંજુરી વગર થેલોજન બ્લ્યુ ૩જી કે નું

ઉત્પાદન કરતા હતા અને પેથાલોજન બ્લયુ ૩જી નું ઉત્પાદન પણ ચાલુ હતું. આરોપીઓએ તેમના પ્લાન્ટના પરિસરમાં નવી મશીનરી પ્રસ્થાપિત કરી થેલોજન બ્લયુ ૩જીકે જું ઉત્પાદન કરી આરોપીઓએ પર્યાવરણ સુરક્ષા અધિનિયમ તથા ઈ.આઈ.એ.નોટીફીકેશન ૨૦૦૬ ના ભંગ બદલ કલમ ૧૫ અને ૧૯ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કરેલ હોય તેઓ સામે પગલાં લેવા હાલની ફરીયાદ કરેલી છે.

(૨). આ કામના આરોપીઓને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૦૭ ની જોગવાઈ અન્વયે કેસની નકલો આપી દીધેલી છે અને તેઓને ગુના અંગે પુછતાં તેઓ આજરોજ તેમની સામેનો ગુનો આંક ૧ માં જણાવ્યા મુજબનો કબુલ રાખે છે અને તે અંગે લેખિત પુરસીસ આંક–૧૬ ની પણ આપેલ છે. જેથી આરોપીઓની કબુલાત સ્વૈચ્છીક હોવાનું જણાય છે.

(૩). આરોપીઓ તરફે આંક–૦૮ થી કબુલાત પુરસીસ આપી રજુઆત કરેલી છે કે, આરોપીઓની પેઢીએ કાયદા મુજબ મંજુરી મેળવવા જરૂરી કાર્યવાહી કરેલ અને તમામ પ્રક્રિયા પુર્ણ કર્યા બાદ છેલ્લે તેઓને નવી કન્સેન્ટ તા.૦૪/૦૨/૨૦૨૩ સુધી થેલોજન બ્લ્યુ ૩ જી ની આપવામાં આવેલ. પુરસીસની હકીકતો મુજબ શરતચુકથી તેઓના એકમથી આ ગુનો બનેલ છે અને તેઓને થેલોજન લ્યુ ૩જી ઉત્પાદન કરવાની મંજુરી તા.૦૪/૦૨/૨૦૨૩ સુધી આપવામાં આવેલ છે. આરોપીઓ કુટુંબ કબીલાવાળા છે, અગાઉ તેઓની સામે કયારેય કોઈ ફોજદારી કેસ થયેલ નથી અને તેઓ ફોજદારી કેસમાં સંડોવાયેલા નથી. આમ આરોપીઓ તરફે હાલની કબુલાત પુરસીસ આપતા તે પુરસીસ રેકર્ડ કરતાં આરોપીઓએ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ હોવાનું જણાવેલ હોય, આરોપીની કબુલાત સ્વૈચ્છિક હોય તે નહિ માનવાને કોઈ કારણ નથી.

(૪). આ કામે પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળી. આ કામની ફરીયાદની હકીકતો અને આરોપીની કબુલાત પુરસીસ ધ્યાને રાખતા અને તેમના તરફે કરેલ રજુઆતોને ધ્યાને લેતાં આરોપીઓ કુટુંબ કબીલાવાળા છે, અગાઉ તેઓની સામે કયારેય કોઈ ફોજદારી કેસ થયેલ નથી અને તેઓ ફોજદારી કેસમાં સંડોવાયેલા ન હોય તેવા તમામ સંજોગોમાં નામદાર ગુજરાત હાઈકોર્ટનાં ન્યાયમુર્તિ શ્રી જે.એન.ભટ્ટ સાહેબશ્રીનો ચુકાદો State of

Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 લક્ષમાં રાખી આરોપી સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરતા હોય તેઓને મહત્તમ સજા નહિ કરતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે તો ન્યાયોચિત ગણાશે તેમ મારૂં માનવું છે. જેથી નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## ::: હુ ક મ :::

આ કામના આરોપીઓને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૪૧ મુજબ પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ તથા ઈ.આઈ.એ.નોટીફીકેશન ૨૦૦૬ ના ભંગ બદલ સદર કાયદાની કલમ ૧૫ મુજબ દરેક આરોપીને રૂા.૨૦,૦૦૦/- (અંકેરૂપિયા વીસ હજાર પુરા) દંડ તથા આરોપી નં.૨,૩ તથા ૫,૬ નાઓને કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ભરવામાં કસૂર કરે તો આરોપીને દિન-૧૫ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપી નં.૧ નો દંડ આરોપી નં.૨ નાએ ભરવાનો રહેશે.

આરોપીઓએ કુલ રૂા.૧,૦૦,૦૦૦/- (અંકેરૂપિયા એક લાખ પુરા) દંડ ભરવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૩/૦૫/૨૦૨૩.

**(એચ. એસ. દવે )**
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
અમદાવાદ.
કોડ નં. જીજે૦૦૬૯૩.